# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામમાં અઢાર હજાર 530 કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે

2) પ્રધાનમંત્રીએ ગઈકાલે મણિપુર અને મિઝોરમમાં 17 હજાર 500 કરોડથી વધુની અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો

3) આજે હિન્દી દિવસ છે - કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના ગાંધીનગરમાં પાંચમા અખિલ ભારતીય રાજભાષા સંમેલનનું ઉદ્ઘાટન કરશે

4) જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદને પગલે શ્રી માતા વૈષ્ણોદેવી યાત્રા ફરીથી આગામી આદેશ સુધી મુલતવી રાખવામાં આવી

5) T-20 એશિયા કપ ક્રિકેટમાં આજે દુબઈમાં ભારતનો મુકાબલો પાકિસ્તાન સાથે થશે

6) મહિલા એશિયા કપ હોકીની ફાઇનલમાં આજે ભારત ચીન સામે ટકરાશે

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામમાં અઢાર હજાર 530 કરોડ રૂપિયાના મુખ્ય માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

સૌ પ્રથમ શ્રી મોદી દરાંગમાં દારંગ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ અને જીએનએમ સ્કૂલ અને બી.એસસી. નર્સિંગ કોલેજ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. ગુવાહાટીમાં ગુવાહાટી રિંગ રોડ પ્રોજેક્ટ ઉપરાંત બ્રહ્મપુત્ર નદી પર કુરુવા-નારંગી પુલનો શિલાન્યાસ પણ કરશે.

ત્યારબાદ પ્રધાનમંત્રી ગોલાઘાટમાં નુમાલીગઢ રિફાઇનરી પ્લાન્ટ ખાતે આસામ બાયો-ઇથેનોલ પ્રાઇવેટ લિમિટેડનું ઉદ્ઘાટન કરશે અને નુમાલીગઢ રિફાઇનરી લિમિટેડ ખાતે પોલીપ્રોપીલીન પ્લાન્ટનો શિલાન્યાસ પણ કરશે. જેનાથી આસામના પેટ્રોકેમિકલ ક્ષેત્રને મહત્વ આપશે. તે રોજગારીની તકો ઉભી કરશે અને પ્રદેશના એકંદર સામાજિક-આર્થિક વિકાસ તરફ દોરી જશે.

પ્રધાનમંત્રી મોદીએ ગઈકાલે સાંજે ગુવાહાટીમાં ભારત રત્ન પુરસ્કાર પ્રખ્યાત ગાયક અને સંગીતકાર ડૉ. ભૂપેન હજારિકાના 100મા જન્મજયંતિ સમારોહમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે બોલતા તેમણે કહ્યું કે ભૂપેન હજારિકાના ગીતો ભારતને એકતામાં લાવશે અને લોકોને ઉર્જા આપશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે શ્રી હજારિકાની રચનાઓ એક ભારત શ્રેષ્ઠ ભારતની વિચારધારા સાથે સુસંગત છે. તેમણે કહ્યું કે ભૂપેન-દાના આદર્શો અને અનુભવો તેમના ગીતોમાં સમાવિષ્ટ છે. તેમણે કહ્યું કે ભૂપેન હજારિકાના અવાજે પ્રદેશમાં હિંસક ઘટનાઓ દરમિયાન પૂર્વોત્તરને એકતાનો સંદેશ આપ્યો હતો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે શ્રી હજારિકાનું સમગ્ર રાષ્ટ્ર, ખાસ કરીને પૂર્વોત્તર દ્વારા સન્માન કરવામાં આવતું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે પૂર્વોત્તરની પ્રગતિ વિના દેશના વિકાસની કલ્પના કરી શકાતી નથી.

પ્રધાનમંત્રીએ આ પ્રસંગે 100 રૂપિયાનો સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો અને ભૂપેન હજારિકાનું જીવનચરિત્ર 21 ભાષાઓમાં પ્રકાશિત કર્યું હતું.

# PM-MANIPUR & MIZORAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ઉત્તરપૂર્વીય રાજ્યો મણિપુર અને મિઝોરમમાં 17 હજાર 500 કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.

પ્રધાનમંત્રીએ મણિપુરના ચુરાચંદપુરમાં સાત હજાર 300 કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો અને ઇમ્ફાલમાં એક હજાર 200 કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું.

ચુરાચંદપુરમાં એક જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે સરકાર મણિપુરને શાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિનું પ્રતીક બનાવવા માટે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે મણિપુરમાં થયેલી હિંસક ઘટનાઓ દુર્ભાગ્યપૂર્ણ રહી છે પરંતુ હવે રાજ્યમાં આશા અને વિશ્વાસનું એક નવું કિરણ ઉભરી આવ્યું છે. પ્રધાનમંત્રીએ તેમની મુલાકાત દરમિયાન શિબિરોમાં રહેતા અસરગ્રસ્ત લોકોને મળ્યા છે.

**(BYTE: PM MODI ON PEACE)**

અગાઉ પ્રધાનમંત્રી મોદીએ મિઝોરમના આઈઝોલમાં નવ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. શ્રી મોદીએ આઠ હજાર કરોડથી વધુની નવી બૈરાબી-સૈરાંગ રેલ લાઇનનું ઉદ્ઘાટન કર્યું,. આ પ્રસંગે બોલતા, શ્રી મોદીએ કહ્યું કે બૈરાબી-સૈરાંગ રેલ લાઇન મિઝોરમના લોકોના જીવનમાં ક્રાંતિ લાવશે. તેમણે કહ્યું કે પહેલી વાર, મિઝોરમમાં સાઈરાંગ રાજધાની એક્સપ્રેસ દ્વારા દિલ્હી સાથે સીધું જોડાયેલું હશે. શ્રી મોદીએ કહ્યું કે આગામી પેઢીના GST સુધારા તાજેતરમાં લાગુ કરવામાં આવ્યા છે જે ઘણા ઉત્પાદનો પર ઓછા કર, લોકોનું જીવન સરળ બનાવશે.

# LS-WOMEN CONFERENCE

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ આજે આંધ્રપ્રદેશના તિરુપતિમાં સંસદ, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ વિધાનસભાઓમાં મહિલાઓના સશક્તિકરણ સમિતિઓના બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન કરશે. લોકસભા અધ્યક્ષ આ પ્રસંગે એક પ્રદર્શનનું ઉદ્ઘાટન અને સ્મરણિકા પણ બહાર પાડશે.

બે દિવસીય આ સંમેલનમાં રાજ્યસભાના ઉપાધ્યક્ષ, આંધ્રપ્રદેશ વિધાનસભા પરિષદના અધ્યક્ષ અને વિધાનસભાના અધ્યક્ષ, સંસદ અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ વિધાનસભાઓમાં મહિલાઓના સશક્તિકરણ પર સમિતિઓના અધ્યક્ષો અને અન્ય મહાનુભાવો પણ હાજરી આપશે. દેશભરમાંથી 100 થી વધુ પ્રતિનિધિઓ આ સંમેલનમાં ભાગ લેશે.

# HINDI DIWAS-SHAH

આજે હિન્દી દિવસ છે. 1949માં આ દિવસે બંધારણ સભાએ દેવનાગરી લિપિમાં હિન્દીને દેશની સત્તાવાર ભાષા તરીકે સ્વીકારી હતી. આજે, હિન્દી વિશ્વની સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક છે અને 52 કરોડથી વધુ લોકોની પ્રથમ ભાષા છે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે પાંચમા અખિલ ભારતીય રાજભાષા સંમેલનનું ઉદ્ઘાટન કરશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ સંમેલનમાં હાજર રહેશે. અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ સાંભળીએ

## (બાઇટ – અપર્ણા ખૂંટ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# VAISHNO DEVI YATRA-POSTPONED

જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં અવિરત વરસાદને કારણે શ્રી માતા વૈષ્ણોદેવી યાત્રા ફરીથી આગામી આદેશ સુધી મુલતવી રાખવામાં આવી છે. શ્રી માતા વૈષ્ણોદેવી દેવસ્થાન બોર્ડે ગઈકાલે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી હતી. આ યાત્રા આજથી શરૂ થવાની હતી.

ગયા મહિનાની 26મી તારીખે મુશળધાર વરસાદને કારણે યાત્રા માર્ગ પર ભૂસ્ખલન થતાં પહેલા યાત્રાને અસ્થાયી રૂપે રોકી દેવામાં આવી હતી. એક નિવેદનમાં, શ્રાઇન બોર્ડે લોકોને અપીલ કરી છે કે યાત્રા પર જવા માંગતા શ્રદ્ધાળુઓ મીડિયા દ્વારા યાત્રા વિશે નવીનતમ માહિતી મેળવતા રહે. બોર્ડે ખાતરી આપી છે કે અધિકારીઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે અને તમામ શ્રદ્ધાળુઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે યાત્રા મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે બિહાર, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, ગોવા અને સિક્કિમમાં ઘણી જગ્યાએ મુશળધાર વરસાદની આગાહી કરી છે. વિભાગે આવતીકાલ સુધી ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઉત્તર કર્ણાટકના આંતરિક ભાગો, ઓડિશા અને તેલંગાણામાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી 2-3 દિવસમાં જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ અને તેલંગાણામાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે.

# CRICKET-ASIA CUP

T-20 એશિયા કપ ક્રિકેટના ગ્રુપ-A મેચમાં ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ મેચ દુબઈમાં રાત્રે 8 વાગ્યાથી રમાશે. આ વર્ષે ફેબ્રુઆરી બાદ બંને ટીમો પહેલી વાર એકબીજા સામે ટકરાશે.

આ દરમિયાન શ્રીલંકાએ ગઈકાલે રાત્રે અબુધાબીમાં ગ્રુપ-B મેચમાં બાંગ્લાદેશને છ વિકેટથી હરાવ્યું. 140 રનના લક્ષ્યાંકના જવાબમાં, શ્રીલંકાએ 14 ઓવર અને ચાર બોલમાં છ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી. અગાઉ, પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશે નિર્ધારિત વીસ ઓવરમાં પાંચ વિકેટે 139 રન બનાવ્યા હતા.

# HOCKEY

મહિલા એશિયા કપ હોકીની ફાઇનલમાં ભારત ચીન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા પાંચ વાગ્યે રમાશે.

ગઈકાલે ભારત અને વર્તમાન ચેમ્પિયન જાપાન વચ્ચેની સુપર ફોર મેચ એક-એક ગોલ સાથે ડ્રો રહી. ભારતે સુપર ફોર તબક્કામાં દક્ષિણ કોરિયાને 4-2થી હરાવીને શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ ચીન સાથેની બીજી મેચમાં તેને 4-1થી હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે ચીન ફાઇનલમાં પહોંચ્યું અને ભારત, કોરિયા અને જાપાનને ફાઇનલમાં પહોંચવા માટે સ્પર્ધા કરવી પડી.

કોરિયા ચીન સામે હાર્યા બાદ, ભારતનો ફાઇનલમાં પહોંચવાનો માર્ગ સ્પષ્ટ થઈ ગયો. એશિયા કપ જીતનારી ટીમ આવતા વર્ષે બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં યોજાનારા વિશ્વ કપ માટે ક્વોલિફાય થશે.

# BADMINTON

હોંગકોંગ ઓપન સુપર-500 ટુર્નામેન્ટમાં પુરુષ સિંગલ્સની ફાઇનલમાં ભારતના લક્ષ્ય સેનનો મુકાબલો ચીનના લી-શી-ફેંગ સામે થશે. ગઈકાલે સેમિફાઇનલમાં લક્ષ્યે ચીન-તાઈપેઈના ચૌ-ટીએન-ચેનને 23-21, 22-20થી પરાજય આપ્યો હતો. બીજી સેમિફાઇનલમાં લી-શી-ફેંગે ફ્રાન્સના ક્રિસ્ટો પોપોવને 21-8, 21-19થી પરાજય આપ્યો હતો.

આજે પુરુષ ડબલ્સની ફાઇનલમાં ભારતની સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ચીનના લિયાંગ-વેઈ-કેંગ અને વાંગ-ચાંગ જોડી સામે ટકરાશે. આ ભારતીય જોડીએ સેમિફાઇનલમાં ચીન-તાઈપેઈના બિંગ-વેઈ-લિન અને ચેન-ચેંગ-કુઆનની જોડીને 21-15થી હરાવી હતી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના અખબારોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મણિપુર મુલાકાત, તમામ સમૂહોને શાંતિના માર્ગે ચાલીને વિકાસ સાધવાની વાત કરી , ટ્રમ્પના ટેરિફ અંગેના સમાચાર હેડલાઇન્સમાં વાંચવા મળી રહ્યાં છે.
- સંદેશે લખ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મણિપુરમાં નિવેદનને હું આપની સાથે આખો દેશ આપની સાથે હેડલાઇનમાં કવર કર્યું છે.
- મણિપુરને શાંતિ અને વિકાસના માર્ગે લઇ જવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અપીલ આ હેડલાઇન નવ ગુજરાત સમયે બનાવી છે